# હું, શપથ લઉં છું કે...

## ૧૪મી વિધાનસભાના ૧૭૬ સભ્યોએ આજે હોદ્દાના શપથ પ્રોટોમ સ્પીકર સમક્ષ લીધા



ગાંધીનગર, તા. ૨૩
રાજ્યમાં નવી રચાયેલી ૧૪મી વિધાનસભા ૧૭૬ સભ્યોએ આજે ધારાસભ્ય પદના શપથ સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી હોલમાં લીધા હતા.

આ પૂર્વે રાજભવન ખાતે વિધાનસભાના પ્રોટોમ સ્પીકર તરીકે ડૉ. નીમાબેન આચાર્યને રાજ્યપાલશ્રીએ સપથ લેવડાવ્યા હતા. બરાબર ૧૨ વાગે સાબરમતી હોલમાં ઉભા કરાયેલ વિધાનસભા ગૃહમાં બેઠકનો આરંભ થયો હતો.

પ્રોટોમ સ્પીકર ડૉ. નીમાબેન આચાર્યએ પ્રથમ ગૃહના નેતા અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને તેમજ પછી ઉપનેતા અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને શપથ લેવડાવ્યા હતા. આ પછી કેબિનેટ, રાજ્યકક્ષાના મંત્રીઓ વિપક્ષના નેતાને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ક્રમાનુસાર સભ્યોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આજે શપથવિધિ સમારોહમાં ભાજપના ૩ અને કોંગ્રેસના ૩ સભ્યો હાજર ન હોવાથી શપથ લઈ શક્યા નથી.

રાજ્યમંત્રી વિભાવરીબેન દવે વિદેશ ગયા હોવાથી તેમજ રાજ્યમંત્રી પુરૂષોત્તમ સોલંકી પણ સામાજિક રોકાણોને લઈ શપથ લઈ શક્યા ન હતા. જયારે અમદાવાદના જગદીશભાઈ પંચાલ પણ ગેરહાજર રહ્યા હતા.

કોંગ્રેસમાંથી અશ્વિનભાઈ કોટવાલ, દરિયાપુરના ગ્યાસુદ્દીન શેખ અને પાલનપુરના મહેશભાઈ પટેલ પણ અનુપસ્થિત રહેતા તેઓ શપથ લઈ શક્યા ન હતા.

## બ્રિજેશ મેરજાએ હિન્દીમાં તો બબ્બે સભ્યોએ સંસ્કૃત અને અંગ્રેજીમાં શપથ લીધા

**બાકીના સભ્યોએ ગુજરાતીમાં શપથ લીધા : મેવાણી અને વિપક્ષી નેતાએ ગંભીરતાથી સોગંદ લીધા તો જેઠાભાઈ આહિરે કૃષ્ણના નામે તો પ્રવિણ મારૂએ બુદ્ધના નામે શપથ લીધા**

- રાજ્યની ૧૪મી વિધાનસભાના ૧૭૬ સભ્યોએ આજે સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી હોલમાં કામચલાઉ ઉભા કરાયેલ વિધાનસભા ગૃહમાં શપથ લીધા હતા.
- ધારાસભ્યોની શપથવિધિને લઈ સ્વર્ણિમ સંકુલની આસપાસ લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.
- શપથવિધિ સમારોહથી પત્રકારોને દૂર રખાયા હતા. કોઈ પત્રકારોને પ્રવેશવા દેવાયા ન હતા.
- રાજ્યની ૧૪મી વિધાનસભાના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્વર્ણિમ સંકુલમાં ધારાસભ્ય તરીકેના શપથ લેનારા પ્રથમ ગૃહના નેતા બન્યા છે.
- આજે મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજાનું નામ લેવાતાં તેમણે મચ્છુ દે સર્વદે નો જયઘોષ કરી ધારાસભ્ય તરીકેના શપથ હિન્દી ભાષામાં લીધા હતા.
- વડોદરાના સુશ્રી મનીષાબેન વકીલ અને કોંગ્રેસના જવાહર ચાવડાએ અંગ્રેજી ભાષામાં શપથ લીધા હતા.
- સંસ્કૃત ભાષામાં પણ બે સભ્યોએ ધારાસભ્ય તરીકેના શપથ લીધા હતા. મહેમદાવાદના અર્જુનસિંહ ચૌહાણ અને સુરેશભાઈ પટેલે સંસ્કૃતમાં શપથ લઈ સૌને ચોંકાવી દીધા હતા.
- રાજ્યમંત્રી મંડળના બે સભ્યો આજે શપથ લઈ શક્યા નથી. રાજ્યમંત્રી વિભાવરીબેન દવે વિદેશ ગયા હોવાથી અને રાજ્યમંત્રી પુરૂષોત્તમ સોલંકી સામાજિક પ્રસંગમાં વ્યસ્ત હોવાથી હાજર રહી શક્યા ન હતા.
- ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર વિજયી થયેલા ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, શંભુજી ઠાકોર, સુરેશભાઈ પટેલે ગુજરાતી ભાષામાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતા.
- વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી અને પરેશ ધાનાણીએ ગંભીરતાપૂર્વક શપથ લીધા હતા.
- પ્રવિણભાઈ મારૂએ બુદ્ધના નામે તો જેઠાભાઈ ભરવાડે કૃષ્ણના નામે શપથ લીધા હતા.

## રાજ્યપાલશ્રી દ્વારા ડૉ. નીમાબેન આચાર્યની વિધાનસભાના સભ્ય તરીકે શપથવિધિ

ગાંધીનગર, તા. ૨૩
ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે રાજભવન ખાતે ડૉ. નીમાબેન આચાર્યને ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહ તથા વૈધાનિક અને સંસદીય બાબતના રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, મુખ્ય સચિવ જે.એન. સિંઘ, વિધાનસભા અને વૈદ્યાનિક અને સંસદીય બાબતો વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણસા સહિત ૭૫ નગરપાલિકાની ચૂંટણીઓ જાહેર

**૧૭ ફેબ્રુઆરીએ મતદાન અને ૧૯ ફેબ્રુઆરીએ મતગણતરી થશે : ૨૯મી જાન્યુઆરીએ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં ઉમેદવારી પત્ર ભરી શકાશે : માણસામાં ૭ વોર્ડ, ૨૯ હજારથી વધુ મતદારો અને ૩૫ મતદાન મથકો રહેશે**

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની સાથે રાજ્યની ૭૫ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ અંગે રાજ્ય ચૂંટણી પંચે આજે જાહેરાત કરી છે. આ સાથે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ત્રણ પ્રકારની આચાર સંહિતાનો અમલ પણ શરૂ થઈ ગયો હોવાની જાહેરાત મુખ્ય ચૂંટણી કમિશ્નર ડૉ. વરેશ સિંહાએ કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ નગરપાલિકાઓ સાથે રાજકોટ મનપાની એક વોર્ડની એક બેઠક તેમજ છ નગરપાલિકાની ખાલી પડેલી સાત બેઠકોની પેટા ચૂંટણીઓ પણ યોજવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે જે નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે તે 'ક' અને 'ડ' વર્ગની છે. સેમી અર્બન પ્રકારની નાની નગરપાલિકાઓમાં આ ચૂંટણીઓ યોજાઈ રહી છે તેમ પણ તેમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યું હતુ કે આ નગરપાલિકાઓમાં ૫૨૯ વોર્ડ છે અને ૨૧૧૬ બેઠકો છે. આ નગરપાલિકાના કુલ મતદારો ૧,૯૭,૬૩૮૧ છે.

દરમ્યાન માણસા નગરપાલિકામાં સાત વોર્ડ અને ૨૮ બેઠકો છે. જેમાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૨૩,૯૬૦ છે. આ નોંધાયેલ મતદારોમાં ૧૨,૩૯૧ પુરૂષ મતદારો અને ૧૧,૫૬૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૩૫ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે.

આ માટેનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતાં મુખ્ય ચૂંટણી કમિશ્નર ડૉ. સિંહાએ જણાવ્યું હતું કે આ માટેનું જાહેરનામુ ૨૯મી જાન્યુઆરીએ પ્રસિદ્ધ થશે. એ સાથે જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીઓ હવે પછી જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૩
ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત તેમજ ૧૩ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે અલગથી જાહેરાત કરવામાં આવશે તેમ રાજ્ય ચૂંટણીપંચના સચિવ મહેશભાઈ જોશીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે આ બધાની મુદત ૧૧ માર્ચથી ૨૪ માર્ચ સુધી પૂર્ણ થવાની છે અને તે પહેલાં ત્યાં સામાન્ય ચૂંટણીઓ યોજવા માટે પંચ કટિબદ્ધ છે. તેની તૈયારીઓ પણ ચાલી રહી છે. બનાસકાંઠા જિલ્લામાંથી રોટેશનને લઈ કાનૂની વિવાદો ઉભા થવાનો તેમણે સ્વીકાર કરી જણાવ્યુ હતુ કે આ માટે પંચે તેનો પક્ષ કોર્ટમાં રજુ કરી દીધો છે. તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણીઓની જાહેરાતમાં આજે સમાવેશ નથી કરાયો તે માટે કાનૂની વિવાદ એ કારણ નહિ હોવાનું પણ તેમણે કહ્યું છે.



આમરણાંત ઉપવાસ - પદ્માવત ફિલ્મને અટકાવવાની માંગ સાથે અમદાવાદ સીટીએમ ચાર રસ્તા ખાતે આર.એસ.એસ.ના અગ્રણી નરેન્દ્રસિંહ સિસોદીયાએ આમરણાંત ઉપવાસ આરંભ્યા તે પ્રસંગની તસવીર...

## ઉત્તર ગુજરાતના રૂટો શરૂ પણ માણસા, વિજાપુર રૂટ પર હજુ બસો દોડતી નથી

**પદમાવતના વિરોધમાં બે દિવસ અગાઉ બસો સળગાવાના બનાવો ધ્યાને આવતા એસ.ટી.એ બસ સેવા બંધ કરી હતી**

ગાંધીનગર તા ૨૩
પદમાવત ફિલ્મ સામે વિરોધનો વંટોળ ઉભો થયો છે. સમગ્ર રાજયમાં ફિલ્મના વિરોધમાં બસમાં આગ ચાંપવાના બનાવો ધ્યાને આવી રહયા છે. ત્યારે એસ ટી સેવા વિશેષ રીતે પ્રભાવિત થઈ છે. ગાંધીનગર થી ઉત્તર ગુજરાતના રૂટની બસોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર દિવસથી ઉત્તર ગુજરાતના રૂટોની બસ સેવા બંધ છે. જયારે આજથી માણસા વિજાપુર સિવાયના રૂટોની બસોમાં ફેરફાર કરી બસસેવા શરૂ કરવામાં આવી છે. પરંતુ માણસા વિજાપુર રૂટમાં હજુ પણ બસ સેવા ચાલુ થઈ નથી.

પદમાવત ફિલ્મને રીલીઝ કરવાના મુદ્દે કરણી સેનાએ ઉગ્ર વિરોધ વ્યકત કરવામાં આવી રહયો છે. રાજયમાં એસ ટી બસોને આગ ચાંપવાના બનાવો પ્રકાશમાં આવી રહયા છે. માર્ગો પર ટાયર સળગાવી ચક્કાજામ કરવામાં આવી રહયો છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ માર્ગો પર બસોને આગ ચાંપવાના બનાવો ધ્યાને આવ્યા છે. બે દિવસ અગાઉ બાલવા ચોકડી તેમજ આમજા પાસે પણ બસમાં આગ લગાવાના કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. જેને અનુલક્ષી બસ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. જયારે છેલ્લા ચાર દિવસથી ગાંધીનગર ઉત્તર ગુજરાત વચ્ચે એસ ટી બસ વ્યવહાર પણ બંધ કરી દેવાયો હતો. જો કે આજે આ રૂટમાં થોડે ફેરફાર કરી શરૂ કરવામાં આવ્યો છે. વાયા વાય એસ ટી બસસેવા પુન : દોડતી થઈ છે. પરંતુ એસ ટી તંત્રના જણાંવ્યા મુજબ માણસા વિજાપુર રૂટની બસ સેવા હજુ પણ બંધ છે. આ સિવાય ઉત્તર ગુજરાતમાં વિવિધ વિસ્તારના રૂટોની બસો શરૂ કરી દેવામાં આવી છે. માણસા વિજાપુર રૂટમાં બસ સેવા બંધ હોવાના લીધે મુસાફરોએ ચાર દિવસથી ખાનગી વાહનોમાં અવરજવર કરવાની ફરજ પડી છે. ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરતા મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. ત્યારે ખાનગી વાહનોના ચાલકોને પણ મોજ પડી છે.

## ગાંધીનગર મેયર ચૂંટણીનો મુદ્દો હાઈકોર્ટમાં, સરકારને નોટીસ

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર મહાનગરપાલિકાએ મેયરની ચૂંટણી ૨૦૧૬માં યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષના જ એક કોર્પોરેટરે પક્ષના વ્હીપની વિરૂદ્ધમાં, ઉમેદવારી નોંધાવી ભાજપના ટેકાથી મેયર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ પક્ષ વિરૂદ્ધ પ્રવૃત્તિને સરકારના અધિકૃત અધિકારી સમક્ષ પડકારવામાં આવી હતી. જેમને અરજી કાઢી નાખતા અરજદારે આ નિર્ણય હાઈકોર્ટમાં પડકાર્યો છે. જે ચાલતા હાઈકોર્ટે મંગળવારે રાજ્ય સરકાર અને અધિકૃત અધિકારીને નોટીસ ફટકારી છે. આ અરજીની વધુ સુનાવણી આઠ સપ્તાહ પછી રાખી છે. કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર અને મેયર પદના ઉમેદવાર શૈલેન્દ્રસિંહ બિહોલાએ સરકારના અધિકૃત અધિકારીનો હુકમ હાઈકોર્ટમાં પડકાર્યો છે. અરજદારની રજુઆત છે કે પક્ષના કોર્પોરેટરે પ્રવિણ પટેલના પક્ષના વ્હીપની વિરૂદ્ધમાં જઈ મેયરે પદ માટે ઉમેદવારી કરી હતી. તેમણે ભાજપના ૧૬ સભ્યના ટેકાથી મેયર તરીકે ચૂંટાઈ આવ્યાં છે. જે ગેરબંધારણીય છે તથા પક્ષાંતર વિરોધી ધારા હેઠળ તેમનું સભ્ય પદ રદ થવાને પાત્ર છે. માટે કોર્ટે સરકારના અધિકૃત અધિકારનો નિર્ણયને તથા મેયરની ચૂંટણીને રદ કરી, નવેસરથી ચૂંટણી માટે આદેશ આપવો જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે જિલ્લાના ૮૦ હજાર વિદ્યાર્થીઓ શપથ લેશે

ગાંધીનગર તા ૨૩
રાષ્ટ્રીય મતદાતા દિવસ અંતર્ગત જિલ્લાની શાળાઓમાં ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને શપથ લેવડાવાશે. થોડા સમય અગાઉ વિધાનસભાની ચુંટણી પુર્વે પણ મતદાર જાગૃતિ અભિયાન અન્વયે વિવિધ શાળાઓમાં જાગૃતિલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન મતદાન જાગૃતિનિ ક્વીઝ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવશે.

રાષ્ટ્રીય મતદાતા દિવસ અંતર્ગત જિલ્લાની શાળોમાં વિદ્યાર્થીઓને શપથ લેવડાવામાં આવશે. જિલ્લાની વિવિધ શાળાઓમાં અંદાજિત ૮૦ હજાર

**મતદાન જાગૃતિમાં અગાઉ પ્રથમ ત્રણ ક્રમે આવેલા વિદ્યાર્થીઓનુ પણ સન્માન કરાશે**

જેટલા વિદ્યાર્થીઓ મતદાતા દિવસ નિમિત્તે શપથ ગ્રહણ કરશે. દેશની લોકતાંત્રિક પરંપરાઓની મુક્તિ, ન્યાયી તેમજ શાંતિપુર્ણ ચુંટણીઓની ગરિમા જાળવીશુ તેમજ દરેક ચુંટણીમાં નિર્ભયતાપુર્વક અને ધર્મ વંશ જ્ઞાતિ જાતિ કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશુ. આ દરમિયાન જિલ્લામાં મતદાન જાગૃતિ અન્વયે યોજાયેલા ક્વીઝ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલા વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવશે. ચુંટણી પુર્વે જિલ્લાની શાળામાં મતદાન જાગૃતિ અભિયાન અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
'રાજધાનીનાં રતન'
'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.
નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :
ડૉ. ચેતના અ. બુચ, પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા., સેક્ટર-૨૦, ગાંધીનગર મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮
શ્રી હરેશ કે. ઠાકર, પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ, જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭, ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯
મનોજ શુકલ, મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા
સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com